# જિલ્લામાં ખરીફ ઋતુનું ૬૮ ટકા વાવેતર

## વરસાદ સિઝનનો ૬૦ ટકા નોંધાયો : ખરીફ ઋતુનું બે તબક્કામાં વાવેતર થયુ; હજુ વાવણી ચાલુ છે

ગાંધીનગર, તા. ૧૭

ગાંધીનગર જિલ્લામાં ચોમાસુ ફરી સક્રિય બન્યા બાદ ખરીફ ઋતુના વાવેતરમાં ભારે ગતિ આવી છે અને જિલ્લાનું વાવેતર ૯૬,૮૩૪ હેક્ટર વિસ્તારમાં થવા પામ્યુ છે. જે જિલ્લાના કુલ વાવેતર વિસ્તારના ૬૮.૨૪ ટકા જેટલુ થવા જાય છે.

જિલ્લામાં ૫ મી ઓગષ્ટ સુધીમાં ૪૫૪ મી.મી. વરસાદ પણ થઈ ચૂક્યો છે. જિલ્લામાં દિવેલાનું વાવેતર ૧૧,૧૭૩ હેક્ટરે પહોંચ્યુ છે તો શાકભાજીના પાકોનું વાવેતર ૧૦,૮૨૧ હેક્ટર અને ગુવારના પાકનું વાવેતર ૫૩૪૫ હેક્ટરે પહોંચ્યુ છે.

જિલ્લામાં ચોમાસુ બાજરીનું વાવેતર પણ વિક્રમી થયુ છે જે ૨૯૩૮ હેક્ટરમાં નોંધાયુ છે તો વરસાદના બીજા રાઉન્ડ પછી ડાંગર પિયતનું વાવેતર પણ ૮૦૫૧ હેક્ટર નોંધાયુ છે.

મગનું વાવેતર ૧૧૯૮ હેક્ટરમાં, મઠનું વાવેતર ૨૦ હેક્ટરમાં, અડદનું વાવેતર ૧૫૮ હેક્ટરમાં નોંધાયુ છે.

જિલ્લામાં કૃષિની સાથે સાથે પશુપાલનની પ્રવૃત્તિ પણ વિકસી હોવાથી ઘાસચારાનું વાવેતર ૨૬,૭૦૦ હેક્ટરમાં નોંધાયુ છે.

ખરીફ ઋતુ દરમ્યાન જિલ્લામાં ૧,૪૧,૮૯૩ હેક્ટરમાં થતુ હોય છે. આ વર્ષે અનિયમિત ચોમાસાના પગલે ખરીફ ઋતુનું વાવેતર બે તબક્કામાં થયુ છે. જો કે તંત્રને હજુ પણ વિશ્વાસ છે કે છેલ્લા ત્રણ વર્ષ જેટલુ સરેરાશ વાવેતર આ વર્ષે પણ થઈ જશે.

જિલ્લામાં સિઝનનો આજ દિન સુધીમાં ૬૧ ટકા જેટલો વરસાદ થઈ ચુક્યો છે જેમાં કલોલ તાલુકામાં ૮૦ ટકા તો દહેગામમાં ૫૭.૫૪ ટકા, માણસામાં ૬૦ ટકા અને ગાંધીનગરમાં ૪૪ ટકા જેટલો વરસાદ થયો છે. જિલ્લામાં સરેરાશ ૪૬૮ મી.મી. વરસાદ થયો છે.



મોડીસાંજે વરસાદ - શહેરમાં આઠ વાગ્યના સુમારે વરસાદી ઝાપટું વરસતા વાતાવરણાં ઠંકડ પ્રસરી હતી.... શનિવારની સાંજે પડતો વરસાદ આખું અઠવાડિયું પડે છે એવી લોકમાન્યતાના આધારે શહેરીજનો ઈચ્છે છે કે આખું અઠવાડિયું વરસાદ પડશે... જોકે આખા રાજ્યમાં મન મૂકીને વરસાદ વરસ્યો છે... માત્ર ગાંધીનગરમાં જ વરસાદની ઉણપ વર્તાય છે ત્યારે પાટનગરના ન્યાયે છેલ્લે છેલ્લે પણ મન મૂકીને વરસે એવું સાંજના વરસાદથી વર્તાય છે... વરસાદનો મિજાજ અષાઢી વર્તાયો છે...






# શહેરના સેકટરોમાં અંધારપટ્ટ રહીશોમાં ભયની લાગણી

**નવા સેકટરોમાં શોપિંગ વિસ્તાર, રીંગ રોડ તેમજ સોસાયટીમાં પણ સાંજ ઢળતા અંધારુ થઇ જાય છે : લાઇટો બંધ રહેતી હોવાથી ફરિયાદોનુ ઝડપથી નિરાકરણ આવતુ નથી**

ગાંધીનગર તા ૧૭

ગાંધીનગર શહેરમાં વરસાદી દિવસો દરમિયાન સેકટરોમાં સ્ટ્રીટ લાઈટો ડુલ જોવા મળી રહી છે. સેકટરોમાં વરસાદના છાંટણા પડતા જ સ્ટ્રીટ લાઈટો બંધ રહેતા સાંજ ઢળતા જ અંધારપટ્ટ છવાઈ જાય છે. શહેરમાં છેલ્લા બે ત્રણ દિવસથી વરસાદ બંધ હોવા છતા સ્ટ્રીટ લાઈટો બંધ છે. ખાસ કરીને નવા સેકટરોમાં છેલ્લા એક સપ્તાહથી સ્ટ્રીટ લાઈટો બંધ રહેતી હોવાની ફરિયાદો ઉઠવા પામી છે. જેના લીધે વરસાદી દિવસોમાં સાંજ ઢળતા જ સેકટરોના શોપિંગ વિસ્તાર રીંગ રોડ અને સોસાયટીમાં અંધારુ જોવા મળે છે. આવા સંજોગોમાં સિનિયર સીટીઝન્સ તેમજ મહીલાઓમાં ભયની લાગણી વ્યાપી છે. સેકટરમાં વરસાદી માહોલમાં રસ્તાઓ પર રખડતા ઢોર વચ્ચે લાઈટો પણ ન હોવાથી અકસ્માતની દહેશત પણ પ્રબળ બની છે. જયારે રાત્રિના સમયે સુનકારનો લાભ ઉઠાવી તસ્કરો પણ હાથરફેરો કરી લે તેવો ભય પણ સ્થાનિકોને સતાવી રહ્યો છે.શહેરમાં સ્ટ્રીટ લાઈટો ડુલ રહેતા વરસાદી દિવસોમાં રાત્રિના સમયે સેકટરવાસીઓને ડગલે ને પગલે હાલાકી વેઠવી પડે છે. નવા સેકટરોમાં પણ મોટાભાગની સ્ટ્રીટ લાઈટો બંધ હોવાનો સુર ઉઠવા પામ્યો છે. નવા સે-૨,૩ ૪,૫ સહીત ના વિસ્તારમાં એલ ઈ ડી લાઈટો બંધ છે. જેના લીધે રાત્રિના સમયે શોપિંગ વિસ્તારમાંથી અવરજવર કરતી મહીલાઓ અને વડીલોને પણ મુશ્કેલીનો સામનો

● અનુસંધાન પાન-૭ પર


VACANCIES

Gandhinagar based PCB Manufacturing company needs

Office Admin. For Sales Section

Post : 02


Qualification :

1. Graduation
   (Preference for English Medium Candidates)
2. Work Experience will be preferred.

Work Profile :

1. Written & Telephonic Communication
2. Creation of Data Base
3. Payment Reminders & Routine daily Activities.

Candidates should contact :
Mobile No. 9427022094
From 10 a.m. ro 5.00 p.m. (Except Sunday's)








Govt. of India Regd. No. 38383 / 82 માલિક - પ્રકાશક - મુદ્રક : પ્રાર્થના પ્રકાશન વતી ભાસ્કર પ્રિન્ટીંગ પ્રેસ, બાવળા હાઈવે, ચાંગોદર ખાતે છાપ્યું, બ્લોક નં. ૬૮૪/૧, સેક્ટર-૮, ગાંધીનગર ખાતેથી પ્રસિદ્ધ કર્યુ. તંત્રી : કૃષ્ણકાન્ત જહા. ફોન : ૨૩૨૨૨૫૭૧, ફેક્સ : ૨૩૨૩૦૫૭૧ E-mail : gandhinagarsamachar@gmail.com